:: પ્રેસનોટ ::

(COVID-19)

તા.૦૧/૦૭/૨૦૨૦

સુરત મહાનગરપાલિકા દ્વારા કોરોના રોગચાળાને વધુ ફેલાતો અટકાવવા અને સંક્રમણ નિયંત્રિત કરવા દવા વિતરણ અને સેનીટાઈઝિંગ અને ડિસ્ઈન્ફેકશન સહિતની વિવિધ આરોગ્ય લક્ષી કામગીરીઓ કરવામાં આવે છે. જેના ભાગરૂપે હાલની કોરોના ગ્રસ્ત પરિસ્થિતિમાં આપણા શરીરમાં ઈમ્યુનીટી (રોગ પ્રતિકારક શકિત) વધારવા તથા શરીરને મજબુત બનાવવા હેતુ સુરત મહાનગરપાલિકા, ભારત સરકારના આયુષ વિભાગ, સુરત અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી આર્યુવેદિક ઉકાળાનું શહેરીજનોમાં વિતરણ કરવાનું આયોજન કરવામાં આવેલ છે, આ ઉકાળો સંપૂર્ણ ફ્રી છે, આ ઉકાળાનો કોર્ષ ૫ દિવસનો રહેશે. જો શહેરીજન પોતાની સોસાયટી, એપાર્ટમેન્ટ, શેરી–મહોલ્લામાં આ ઉકાળો વિતરણ કરવા માંગતા હોય તો અહી આપેલ લિંક https://www.suratmunicipal.gov.in/EServices/AyurvedicUkalo ક્લિક કરી પોતાની સોસાયટી, એપાર્ટમેન્ટ, શેરી–મહોલ્લાનું નામ અને પરિવારોની સંખ્યા સાથે પ્રમુખ/ જવાબદાર વ્યકિતનું નામ/ નંબર લખીને મોકલી આપવાથી રજીસ્ટ્રેશન થઈ જશે. તમારી સોસાયટી, એપાર્ટમેન્ટ, શેરી–મહોલ્લા રજીસ્ટર થાય એટલે તમે આપેલ નંબર પર ફોન કરીને જાણ કરી દેવામાં આવશે. આ ફોર્મ તા.૦૩/૦૭/૨૦૨૦ના રોજ સાંજ સુધી ભરી દેવું, જેથી ઉકાળા વિતરણની વ્યવસ્થામાં સરળતા રહે. આ ઉકાળો રોજ સવારે ૬.૦૦ કલાક થી ૮.૦૦ કલાક સુધી મા પોતાની સોસાયટી, એપાર્ટમેન્ટ, શેરી–મહોલ્લા ના પ્રતિનિધિ ને નજીકના સેન્ટર પર જરૂરિયાત મુજબનું વાસણ સાથે મોકલી ને આ આર્યુવેદિક ઉકાળો મેળવવાનો રહેશે. આ અંગેની વધુ જાણકારી માટે શહેરીજનોએ નજીકની સુરત મહાનગરપાલિકાની ઝોન કચેરીનો સંપર્ક કરી માહિતી મેળવી શકશે.

સમાચારયાદી નં.        , તા.૦૧/૦૭/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

:: પ્રેસનોટ ::

વિષય : વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ આકસ્મિક દુર્ઘટના સમયે આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા બાબત.

સુરત મહાનગરપાલિકાને વાવાઝોડા, ભારે વરસાદ, પુર અને અન્ય કુદરતી તેમજ આકસ્મિક દુર્ઘટના સમયે આપત્તિજનક પરિસ્થિતિ સર્જાય તેવા સમયે સેવા/ સહાય કાર્યમાં પ્રતિ વર્ષ સ્વૈચ્છિક સંસ્થાઓનો પૂરતો સાથ સહકાર મળી રહે છે. હાલમાં પણ કોરોના (COVID-19) રોગચાળા અંગે લોકડાઉનની સ્થિતિમાં પણ શહેરની ઘણી બધી સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર સુરત મહાનગરપાલિકાને મળેલ છે. તેમજ શહેરની સેવાભાવી સંસ્થાઓ તરફથી જરૂરીયાતમંદ લોકોને ભોજન, રાશન, મેડીકલ કીટસ વિગેરે પુરા પાડી ઉતમ સમાજ સેવા કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

હાલ આવી પડેલ COVID-19 મહામારીનો સામનો કરવા તથા ભવિષ્યમાં પણ આ પ્રકારની મહામારી તથા અન્ય કુદરતી અને આકસ્મિક દુર્ઘટના સમયે, આપત્તિ સામે ટકી રહેવા સુરત મહાનગરપાલિકાને સહાય તેમજ મદદરૂપ થાય તે હેતુસર સુરતની વિવિધ સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ, મંડળ–કલબો, સ્કુલ–કોલેજો, ઈન્ડસ્ટ્રીઝ, સોસાયટી તથા એક જાગૃત નાગરીક તરીકે સેવાકીય કાર્યમાં(વોલેન્ટીયર) રૂપે જોડાઈને આવી પડતી આપત્તિઓનો સરળતાથી મુકાબલો કરી શકાય તે માટે શહેરની સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓ, મંડળ–કલબો, સ્કુલ–કોલેજો, ઈન્ડસ્ટ્રીઝ, સોસાયટી તથા એક જાગૃત નાગરીક તરીકે સેવાકીય કાર્યમાં(વોલેન્ટીયર)તરીકે જોડાવા માગતા નગરજનોની માહિતી ઓનલાઈન સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in/EServices/Volunteer પર મૂકવામાં આવેલ લીંક પર કલીક કરી દિન–૭ માં રજીસ્ટ્રેશન કરવા વિનંતી. જેથી પુર, વાવાઝોડુ, આગ–અકસ્માત, રાસાયણિક અકસ્માત, ધરતીકંપ, રોગચાળો કે અન્ય કુદરતી કે આકસ્મિક દુર્ઘટનાના સમયે ફુડ પેકેટ વિતરણ, માસ્ક–દવાઓ વિતરણ જેવી મેડીકલ સેવા / સહાય કાર્યમાં સહભાગી થવા સરળ રીતે આયોજન કરી શકાય.

વધુ માહિતી માટે સુરત મહાનગરપાલિકા સાંસ્કૃતિક વિભાગના ફોન નંબર : 9727740916 અથવા 2423751-56 EXT : 279 નો સંપર્ક કરવા વિનંતી.

સમાચારયાદી નં.  , તા.  /૦૭/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસ નોટ (COVID-19)

સુરત શહેરમાં પ્રતિદિન કોરોના વાયરસનું સંક્રમણ વધી રહ્યું છે.પરિણામે કોરોના સંક્રમિત લોકો શહેરની વિવિધ હોસ્પિટલોમાં સારવાર મેળવી રહ્યા છે. પરંતુ હોસ્પિટલ ના વાતાવરણમાં દર્દીઓ પરિવારજનો થી વિખુટા પડી જવા થી તેમની માનસિક સ્થિતિ પર અસર પડે છે , પરિણામે તેઓ ને સ્વસ્થ થવામાં ઘણો સમય થાય છે.

હાલના તબક્કે શહેરમા કોરોના સંક્રમિત વ્યક્તિઓ હોમ બેઈઝડ સારવાર મેળવી રહ્યા છે.પરંતુ જે લોકો ને હોમબેઈઝડ સારવારની મુશ્કેલી હોય અને જે લોકો કોરોનાના ગંભીર લક્ષણો ધરાવતા ન હોય તેવા લોકો માટે વિવિધ સમાજના અગ્રણીઓ ધ્વારા "કોમ્યુનિટી આઈશોલેશન સેન્ટર" તૈયાર કરવા માટે આજ રોજ (તા.૦૧/૦૭/૨૦૨૦) ના રોજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માનનીય અગ્ર સચિવ ડો.જયંતિ રવિ IAS, ની અધ્યક્ષતામાં સુરત મહાનગરપાલિકાના જૂના સ્થાયી સમિતિ હોલમાં પાટીદાર સમાજ તથા સમસ્ત વાટલીયા પ્રજાપતિ સમાજ ના આગેવાનો સાથે મીટીંગ યોજવામાં આવી હતી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માનનીય અગ્ર સચિવ ડો.જયંતિ રવિએ જણાવ્યું હતું કે સુરત શહેરને આદર્શ મોડેલ તરીકે સ્થાપિત કરવા માટે શહેરના વિવિધ સમાજના આગેવાનો દ્વારા કોમ્યુનિટી આઈશોલેશન સેન્ટર તૈયાર કરવા સૂચન કર્યું હતું. જેથી લોકોને સામાજિક હૂંફ મળી રહે. પોતાની જીવન શૈલી મુજબનું ભોજન મળી રહે તથા સમાજ ના ડોક્ટરો દ્વારા તેમની સારવાર કરવામાં આવે તેવી વ્યવસ્થા કરવા તેમજ સમાજ ના યુવાવર્ગ ની ટીમ તૈયાર કરી તેમને સ્વયંસેવક તરીકે સેવા આપવા વિવિધ વિસ્તારોમાં ફરતા ધન્વંતરિ રથ માં સેવા આપવા તૈયાર કરવા તથા અન્ય આનુંસગિક કામગીરી કરાવવા અને કોરોના સંક્રમિત વ્યકિતઓને માનસિક રીતે સજજ કરવાની કામગીરી કરાવવા જણાવ્યું હતુ. જેથી કોરોના સંક્રમિત વ્યકિતઓને સામાજીક હૂંફ મળી રહે. કોમ્યુનીટી આઈશોલેશન સેન્ટરમાં ઈમરજન્સી માટે એમ્બ્યુલન્સ સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેથી ગંભીર દર્દીઓને તાકીદે યોગ્ય સારવાર મળી રહે. વધુમાં "કોમ્યુનીટી આઈશોલેશન સેન્ટરમાં" આયુર્વેદીક ઊકાળા, યોગા,મેડીસીન તથા તેમના મનોરંજન માટે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવા પણ સુચન કર્યુ હતુ. જેથી કોરોના સંક્રમિત વ્યકિતઓને સામાજીક હૂંફની સાથે ઘર જેવું વાતાવરણ મળી રહે અને તેઓ ઝડપથી સ્વસ્થ થઈ શકે.

સદર મીટીંગમાં પાટીદાર સમાજના આગેવાનો શ્રી મથુરા ભાઈ સવાણી એ પાટીદાર સમાજની વાડીમાં પોતાના સમાજના કોરોના સંક્રમિત વ્યકિતઓ માટે રહેવા જમવા તથા ડોક્ટરો સહિતની તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવા તત્પરતા દર્શાવી હતી.તથા સમસ્ત વાટલિયા પ્રજાપતિ સમાજ ના આગેવાનોએ વસ્તા દેવડી કોમ્યુનિટી હોલ ખાતે તમામ વ્યવસ્થા કરવા સહમતિ દર્શાવી હતી . ઉપરોક્ત સમાજના અગ્રણીઓ ધ્વારા તૈયાર કરવામાં આવેલ કોમ્યુનિટી આઈશોલેશન સેન્ટર શહેરના અન્ય સમાજને પણ પ્રેરણા પૂરી પાડી શકશે.

સદર મીટીગમાં નાણાં વિભાગના માનનીય સચિવ શ્રી મિલિંદ તોરવણે,IAS,માન.મેયરશ્રી ડો.જગદીશ પટેલ અને માન. કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS ઉપસ્થિત રહયા હતા.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

## તા.૩૦/૦૬/૨૦૨૦

સુરત શહેરમાં આજ રોજ નવા **૧૮૦** કેસો નોંધાયા છે. આજના આ **૧૮૦** કેસો સાથે કુલ કેસોની સંખ્યા **૪૮૯૩** થયા છે.

આજ રોજ વરાછા–એ ઝોનમાં એલ એચ રોડ ખાતે રહેતા બ્લડ પ્રેશર અને ડાયાબીટીસની બિમારીથી પીડીત ૬૪ વર્ષની સ્ત્રીનું સ્મીમેર હોસ્પિટલ ખાતે, કતારગામ ઝોનમાં રહેતા બ્લડ પ્રેશરની બિમારીથી પીડીત ૭૧ વર્ષના પુરૂષનું સિવિલ હોસ્પિટલ ખાતે, સેન્ટ્રલ ઝોનમાં શાહપોર ખાતે રહેતા હૃદયની બિમારીથી પીડીત ૭૫ વર્ષના પુરૂષનું મિશન હોસ્પિટલ ખાતે અને વરાછા–એ ઝોન ખાતે રહેતા બ્લડ પ્રેશર, ડાયાબીટીસ અને હૃદયની બિમારીથી પીડીત ૬૯ વર્ષના પુરૂષનું સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ છે.

ગઈકાલ સુધી ૨૯૫૮ કેસોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આજ રોજ કુલ ૧૨૪ વ્યકિતઓને ડિસ્ચાર્જ કરવામાં આવેલ છે. આજ સુધી ૩૦૮૨ વ્યકિતઓ ડિસ્ચાર્જ થયેલ છે. અલગ અલગ ઝોન વાઈઝ કવોરન્ટાઈન સેન્ટર ઉપર ૩૦ વ્યકિતઓ કવોરન્ટાઈન હેઠળ છે અને હોમ કવોરન્ટાઈન અંતર્ગત ૧૧,૯૦૨ લોકો છે. કુલ કવોરન્ટાઈન હેઠળ ૧૧,૯૩૨ વ્યકિતઓ છે.

આજ રોજ કુલ **૧૮૦** પોઝીટીવ કેસો નોંધાયા છે. જેમાં કતારગામ ઝોનમાં સૌથી વધારે **૫૩** કેસો મળી કુલ **૧૨૮૮** કેસો થાય છે. લિંબાયતમાં **૧૦** કેસો મળી કુલ **૧૦૦૧** કેસો થયા છે. સેન્ટ્રલ ઝોનમાં **૧૯** કેસો મળી કુલ **૫૯૬** કેસો થાય છે. વરાછા–એ ઝોનમાં **૧૯** કેસો મળીને કુલ **૫૮૨** કેસો થયા છે. વરાછા–બી ઝોનમાં **૨૦** કેસો મળી કુલ **૩૪૯** કેસો થાય છે. રાંદેર ઝોનમાં **૨૫** કેસ મળી કુલ **૩૭૨** કેસો છે અને ઉધના ઝોનમાં **૧૦** કેસો મળી કુલ **૪૨૨** કેસો થાય છે. અઠવા ઝોનમાં આજે **૨૪** કેસ મળી કુલ **૨૮૩** કેસો થયા છે. આજ દિન સુધી કુલ **૪૮૯૩** પોઝીટીવ કેસો નોંધાયેલ છે.

હાલમાં એકિટવ સર્વેલન્સ દરમ્યાન ૧૮૪૬ ટીમો દ્વારા ૧૦,૦૮,૬૪૫ વ્યકિતઓને તપાસ કરવામાં આવેલ છે. પેસીવ સર્વેલન્સ દરમ્યાન પ્રાઈવેટ કિલનીકમાંથી જૈમીની એપ મારફત ૧૩૦૨ હોસ્પિટલમાંથી ૨૮૭૧ એ.આર.આઈ.ના કેસો મળ્યા છે અને પબ્લિક હેલ્થ કિલનીક / કોમ્યુનીટી હેલ્થ કિલનીકમાં ૩૫૦ એ.આર.આઈ.ના કેસો મળેલ છે. ૯૮ ફિવર કિલનીકમાંથી કુલ ૧૨૯૯ કેસ અને કોન્ટેકટ ટ્રેસીંગમાં ૪૮ ટીમો દ્વારા ૬૦૪ કેસો મળેલ છે.

આજ રોજ વિવિધ સંસ્થાઓને રૂા.૬૮,૮૦૦/–નો દંડ કરવામાં આવ્યો છે. જેમાં આજ રોજ ૬૮ હીરાબજાર, ૫૦ શાકભાજી દુકાન/લારી અને ૨૬૪ પાથરણા બંધ કરવામાં આવ્યા છે.

APX સર્વે કરવામાં આવ્યો છે જેમાં ઘરો કુલ ૩,૨૯,૫૯૫નું સર્વે અને શહેરીજનો કુલ ૧૦,૦૮,૬૪૫નું સર્વે કરવામાં આવ્યું છે.

આજ રોજ ૨૦,૮૮૯ ઘરોમાં કુલ ૪૪,૧૬૨ શહેરીજનોને હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવેલ છે.

આજ રોજ શહેરમાં અન્ય રાજયોમાંથી આવનાર લોકોમાં દિલ્હી થી સુરત(INDIGO) ૧૩૮ વ્યકિતઓ હવાઈ માર્ગે આવેલ છે તથા રોડ માર્ગે કુલ ૫૭૭ વ્યકિતઓ આવેલ છે. આજ રોજ આંતરરાષ્ટ્રીય ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા આઉટ સીટીના ૦૫ વ્યકિતઓ, રાંદેર ઝોનમાં ૦૨ વ્યકિતઓ અને અઠવા ઝોનમાં ૦૨ મળી કુલ ૦૯ વ્યકિતઓ આવેલ છે.

ભારત સરકારના આયુષ્ય મંત્રાલયની ગાઈડલાઈન મુજબ આજરોજ સુરત મહાનગરપાલિકા અને સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત અંદાજીત ૫,૬૭,૫૨૬ વ્યકિતઓને ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ છે અત્યાર સુધી અંદાજીત ૨૨,૩૦,૯૦૭ વ્યકિતઓને ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ છે.

આજ રોજ શહેરમાં ફાયર વિભાગ દ્વારા ૩,૩૪૧ સ્થળો ઉપર ડિસઈન્ફેકશન અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે. આજ દિન સુધી કુલ ૪,૬૨,૮૮૯ સ્થળોમાં ડિસઈન્ફેકશન અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે.

કમ્યુનિટી મોનીટરિંગ માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦ ૧૨૩ ૮૦૦૦ ઉપર સંપર્ક કરવો.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર, સમાચાર યાદી નં.૨૫૪
તા.૦૧/૦૭/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## <u>પ્રેસનોટ (COVID-19) 01-07-20</u>

સુરત શહેરમાં કતારગામ ઝોન તથા વરાછા ઝોન વિસ્તારમાં પ્રતિદિન વધી રહેલા કોરોના પોઝિટિવ કેસોને ધ્યાને લઈ આ વિસ્તારમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી કામગીરીના નિરીક્ષણ સંદર્ભે રાજય સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માનનીય અગ્ર સચિવ ડાં. જયંતિ રવિ,IAS , નાણાં વિભાગના સચિવ માનનીય શ્રી મિલિંદ તોરવણે,IAS, માન. કમિશનર શ્રી બંછાનિધિ પાની,IAS ,માન. પોલીસ કમિશનર શ્રી આર. બી.બ્રહ્મભટ્ટ,IPS ,કતારગામ ઝોન ખાતે આવેલ નંદુ ડોશીની વાડી,અમરોલી ખાતે આવેલ રઘુવીર સોસાયટી, વરાછા ઝોનમાં આવેલ સુદામા ચોક વિસ્તારની સ્થળ મુલાકાત લીધી હતી.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માનનીય અગ્રસચિવ ડાં. જયંતિ રવિ,IAS એ કતારગામ ઝોનમાં આવેલ નંદુ ડોશીની વાડીનું નિરીક્ષણ કર્યા બાદ જણાવ્યુ હતુ કે આ વિસ્તારમાં આવેલ તમામ હીરા ઉદ્યોગના કારખાના બંધ કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાની ટીમ અહીં રાઉન્ડ ધ કલોક કામ કરી રહી છે.હીરા ઉદ્યોગમાં હીરા ઘસવાની ઘંટીમાં એક થી વધુ લોકો કામ કરતા હોય છે. જેથી સામાજિક અંતરનું પાલન થઈ શકતું નથી અને કારખાનામાં વેન્ટીલેશનની વ્યવસ્થા ન હોવાથી પણ કોરોનાનું સંક્રમણ વધી રહયું છે. હીરા ઉદ્યોગના કારીગરોમાં કોરોનાનું સંક્રમણ નિયંત્રિત થાય અને લોકોની રોગ પ્રતિકારક શકિત વધે તે માટે તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહયા છે. વિશ્વકક્ષાએ તથા દેશમાં હોમ આઈશોલેશનની પધ્ધતિને પ્રોત્સાહન આપવામાં આવી રહયું છે. જેથી લોકોને હોમ બેઈઝડ ટ્રીટમેન્ટ માટે પ્રોત્સાહિત કરવા જરૂરી છે. લોકો ઘરના માહોલમાં હોય તો રીકવર થવામાં પણ સરળતા રહે છે.શહેરના વિવિધ વિસ્તારમાં ડોર ટુ ડોર સર્વે તથા ધનવંતરી રથની સેવા શરૂ કરવામાં આવેલ છે. કોરોનાના લક્ષણ જણાય તો સરકાર ધ્વારા શરૂ કરવામાં આવેલ હેલ્પ લાઈન નંબર ૧૦૪ નો ઉપયોગ કરવા અનુરોધ કરેલ.આમ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી સઘન કામગીરીથી આ વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી નિયંત્રિત કરવામાં સફળતા મળશે એવો આશાવાદ વ્યકત કર્યો હતો.

ત્યારબાદ અમરોલી ખાતે આવેલ રઘુવીર સોસાયટીની મુલાકાત લઈ સોસાયટીના રહીશોના સ્વાસ્થ્ય બાબતે પુછપરછ કરી સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવતી ડોર ટુ ડોર સર્વેની કામગીરીની માહિતી મેળવી મેડીકલ ટીમની કામગીરીની પણ જાણકારી મેળવેલ હતી.વરાછા ઝોનમાં આવેલ સુદામા ચોક વિસ્તારની સ્થળ મુલકાત લઈ માનનીય મ્યુ. સદસ્યા શ્રીમતી ઉર્વશીબેન માળી પાસેથી આ વિસ્તારની પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૨૫૫
તા.૦૧/૦૭/૨૦૨૦

256

# –:: પ્રેસનોટ ::–

તા.૦૧/૦૭/૨૦ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ અને વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સમગ્ર સુરત શહેરમાં વિવિધ વિસ્તારમાં ડિસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ અને હાલમાં કામગીરી ચાલું છે.

મા.મ્યુ.કમિશ્નરશ્રીનાં મળેલ આદેશ અન્વયે હાલમાં સુરત શહેરમાં નોવેલ કોરોનાં વાયરસ (COVID-19) નાં કેસ સામે આવેલ હોય જેથી આવા સક્રમિત વ્યીકતઓ ધ્વારા અન્ય વ્યકિતઓમાં ચેપ ન ફેલાયતે અટકાવવા ફાયર વિભાગ તેમજ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા નીચે મુજબનાં ઝોન વિસ્તારમાં ડીસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ

- **અઠવાઝોન**

૧) રેનબસેરા એપાર્ટમેન્ટ ૨) મોરલ હાઈટસ ૩) પ્રતિષ્ઠા રેસર ૪) આર્દશ સોસાયટી ૫) શંખેશ્વર એપાર્ટમેન્ટ ૬) પ્લેટિનીયમ એપાર્ટમેન્ટ ૭) શુભમ એપાર્ટમેન્ટ ૮) વૈશાલી બંગલોઝ ૯) મોબીલીસેશન એપાર્ટમેન્ટ ૧૦) રોલેન્ડ એપાર્ટમેન્ટ ૧૧) ફ્લોરેન્સ એપાર્ટમેન્ટ ૧૨) નંદનવન એપાર્ટમેન્ટ ૧૩) રાજહન્સ જીયોની ૧૪) ફીયોના એપાર્ટમેન્ટ ૧૫) શિવાભિષેક એપાર્ટમેન્ટ ૧૬) સુયોગ નગર ૧૭) જે.પી. પાર્ક સોસાયટી ૧૮) ગંગોત્રી નગર ૧૯) ઓરલવીલે સોસાયટી ૨૦) શિવતી રેસીડેન્સી ૨૧) રાધાકિષ્ણા એપાર્ટમેન્ટ ૨૨) વૈભવ એપાર્ટમેન્ટ ૨૩) દેવભુમિ રેસર ૨૪) હેપ્પી એલેન્જા એપાર્ટમેન્ટ

- **સેન્ટ્રલ ઝોન**

૧) રંગુનવાલા શેરી,બેગમપુરા ૨) જે.એમ.કોમ્પ્લેક્ષ ૩) બાલાભાઈની શેરી ૪) સુધી શેરી ૫) હુસૈની એપાર્ટમેન્ટ ૬) કમલાકુઈ નવાપુરા,ગોલવાડ ૭) ડી.કે.એમ હોસ્પિટલ ૮) નાનપુરા માછીવાડ ૯) સુરત મુખ્ય બસ ડેપો ૧૦) સગરામપુરા ,કબ્રસ્તાન ૧૧) સલાબતપુરા પોલીસ ચોકી પાસે ૧૨) લાલાભાઈ શેરી ૧૩) વચલી શેરી

- **રાંદેરઝોન**

૧) ગ્રીન સીટી ગોલ્ડ,ભાઠા ૨) રાજરત્ન એન્કલેવ ૩) ઓમકાર રેસીડેન્સી ૪) ગ્રીન ઓરીઅન ૫) વેસ્ટર્ન શેત્રુંજય એપાર્ટમેન્ટ ૬) રીજન્ટ રેસીડેન્સીસ ૭) રાજહંસ કેમ્પસ ૮) રાજગ્રીન હીલ્સ ૯) મણિધારી લકઝુરીયા ૧૦) શ્રધ્ધા ફ્લેટસ ૧૧) ટવીન ટાવર ૧૨) વિજયા લક્ષ્મી રેસીડેન્સી ૧૩) શ્રીપદ સીઝન્સ ૧૪) ગોપીનાથ સોસાયટી ૧૫) સરગમ સોસાયટી ૧૬) ભાગ્યનિધિ રો હાઉસ ૧૭) ઉપવન રો હાઉસ ૧૮) સ્વીટ રેસીડેન્સી ૧૯) વૈભવ નગર સોસાયટી ૨૦) દીનદયાળ સોસાયટી ૨૧) તિરૂપતી સોસાયટી ૨૨) પેપ્પક સોસાયટી

- **કતારગામ ઝોન**

૧) જેનથમીલની સામે વસ્તાદેવડી રોડ ૨) નિશાળ ફળિયું ૩) એકતા એપાર્ટમેન્ટ ૪) ઈંગદ વાડ,કતારગામ દરવાજા ૫) નિત્યાનંદ સોસાયટી ૬) લક્ષ્મીકાંત રેસીડેન્સી ૭) હરેકૃષ્ણા સોસાયટી ૮) અંબીકા રેસીડેન્સી ૯) બહુચર નગર સોસાયટી ૧૦) દત્ત વિજય સોસાયટી ૧૧) અંબિકા નગર સોસાયટી ૧૨) હરિઓમ સોસાયટી ૧૩) વૈકુંઠધામ ૧૪) નંદનવન સોસાટી ૧૫) અલ્પા નગર સોસાયટી ૧૬) સ્નેહ સાગર સોસાયટી ૧૭)૧૨૬, શાંતિ નગર ૧૮) આશા નગર ૧૯) રંગ દર્શન સોસાયટી ૨૦) શ્રીજી દર્શન સોસાયટી ૨૧) સહજાનંદ સોસાયટી ૨૨) ૧૮૭,શાંતિ નગર સોસાયટી ૨૩) રમણ નગર સોસાયટી ૨૪) અવધુત નગર એ–૮૦ ૨૫) સુકન રીવેરા કોઝવે રોડ ૨૬) પંચવટી સોસાયટી ૨૭) હરિદર્શન સોસાયટી ૨૮) સુમનકુંજ સોસાયટી ૨૯) યમુના પાર્ક ૩૦) અખંડ આનંદ સોસાયટી ૩૧) સુમન શેષટ ૩૨) રાધા સ્વામી સોસાયટી ૩૩) ત્રિલોક સોસાયટી ઘર નં.૧૨૫,૫૩,૨૫૯ ૩૪) ત્રિભુવન સોસાયટી ૩૫) આનંદ પાર્ક સોસાયટી ૩૬) સત્યમ નગર ૩૭) નંદનવન સોસાયટી ઘર નં.૧૩૮,૭૪ ૩૮) પંચદેવ સોસાયટી ૩૯) મોહનદીપ સોસાયટી ૪૦) શાંતિ નગર ૪૧) શકિત નગર ૪૨) ચેમેલ એપાર્ટમેન્ટ ૪૩) સુર્યદર્શન એપાર્ટમેન્ટ ૪૪) અશોક નગર ૪૫) દાનવ આશિષ સોસાયટી ૪૬) રંગ દર્શન સોસાયટી ઘર નં.૪૨,૨૪,૨૫ ૪૭) દાંજી સોસાયટી ૪૮) અંબિકા સોસાયટી ૪૯) હરે કૃષ્ણા સોસાયટી ૫૦) મકબરા કબ્રસ્તાન હોડી બંગલા

- **લીમ્બાયત ઝોન**

૧) ગુરૂકૃપા સોસાયટી ૨) સાંઈ દર્શન સોસાયટી ૩) નંદનવન સોસાયટી ૪) મહારાણા પ્રતાપ સોસાયટી ૫) ભકિત નગર ૬) શકિત નગર ૭) સુમન સિધ્ધી આવાસ ૮) રણછોડ નગર ૯) એપીએમસી સરદાર માર્કેટ ૧૦) રામેશ્વર નગર ૧૧) મોરીયા નગર ૧૨) શિવ ટાઉનશીપ ૧૩) નસરવાન્જી પાર્ક ૧૪) મહારાણાપ્રતાપ ચોક થી સુમન શ્રુતિ એપાર્ટમેન્ટ ૧૫) મહાદેવ નગર ૧૬) જાની પાર્ક ૧૭) લક્ષ્મી પાર્ક ૧૮) શ્રી વર્ધન સોસાયટી ૧૯) રૂષિ વિહાર એપાર્ટમેન્ટ ૨૦) ઉમિયા નગર ૨૧) મહાદેવ નગર–૩

- **વરાછા ઝોન–એ**

૧) સંતલાલ સોસાયટી ૨) હિમંત નગર મેઈન રોડ ૩) રૂપાલી સોસાયટી ૪) જયરામ નગર ૫) જયરામ નગર મેઈન રોડ ૬) તેજેન્દ્ર પાર્ક ૭) દેવજી નગર ૮) વરાછા જિલ્લા પરવઠા વિભાગ ૯) વિક્રમ નગર ૧૦) શિવ નગર સોસાયટી ૧૧) રંગ અવધુત સોસાયટી ૧૨) ઈશ્વરકૃપા સોસાયટી ૧૩) લક્ષ્મી નગર સોસાયટી ૧૪) વર્ષા સોસાયટી ૧૫) હરિધામ સોસાયટી ૧૬) છીતુ નગર સોસાયટી ૧૭) ઈશ્વર નગર સોસાયટી ૧૮) માતૃશકિત સોસાયટી ૧૯) મહાદેવ પાર્ક ૨૦) માધવ પાર્ક ૨૧) ગીતા નગર ૨૨) સુંદર બાગ ૨૩) હરેકૃષ્ણ સોસાયટી ૨૪) નંદનવન સોસાયટી ૨૫) દિપમાલા સોસાયટી ૨૬) અયોધ્યા નગર ૨૭) સપના સોસાયટી ૨૮) ભગીરથ સોસાયટી ૨૯) મધુવન સોસાયટી ૩૦) રચના સોસાયટી ૩૧) નવી શકિત વિજય સોસાટી ૩૨) જનતા એપાર્ટમેન્ટ ૩૩) યમુનાકુંજ સોસાયટી ૩૪) શ્રીજી નગર સોસાયટી

- **વરાછા ઝોન–બી**

૧) શકિત વિજય સોસાયટી ૨) સ્નેહ મિલન સોસાયટી ૩) બાપા સીતારામ સોસાયટી ૪) નંદનવન સોસાયટી ૫) જલારામ સોસાયટી ૬) શ્યામધામ સોસાયટી ૬) સુરભી સોસાયટી ૭) યોગેશ્વર સોસાયટી ૮) દાન સોસાયટી મેઈન રોડ ૯) ઈડબલ્યુ એસ આવાસ, ફુલપાડા ૧૦) અંકુર સોસાયટી ૧૧) વિહળનગર

- **ઉધનાઝોન**

૧) સ્વામીનારાયણનગર ૨) શ્રી રામનાગર ૩) રામનગર ૪) કાશી નગર ૫) કલ્યાણ કુટીર ૬) આર્શીવાદ ટાઉનશીપ ૭) ક્રિષ્ણા એન્કલેવ ૮) ગાંધીકુટીર ૯) કર્મયોગી સોસાયટી ૧૦) ગીતા નગર ૧૧) રામી પાર્ક સોસાયટી ૧૨) માધવ આવાસ ૧૩) સાંઈ પેલેસ ૧૪) સરસ્વતી આવાસ ૧૫) ભેસ્તાન આવાસ એચ–૧૫ ૧૬) તીરૂપતી નગર ૧૭) અમન હોસ્પિટલ ૧૮) સાનીયા એચ,ઉન ૧૯) હયાત નગર ૨૦) હલીમાં રેસીડેન્સી ૨૧) આર્શીવાદ નગર

- **સેમ્પલ કલેકશન સેન્ટર**

(૧) પનાસ હેલ્થ સેન્ટર, (૨) ડી.કે.એમ. હેલ્થ સેન્ટર,(૩) પાલ હેલ્થ સેન્ટર, (૪) રાંદેર હેલ્થ સેન્ટર (૫) કતારગામ હેલ્થ સેન્ટર, (૬) મગોબ હેલ્થ સેન્ટર, (૭) બમરોલી હેલ્થ સેન્ટર, (૮) ભાઠેના હેલ્થ સેન્ટર ૯) નાના વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને તમામ ક્વોરન્ટાઈન કરેલ એરીયામાં સેનેટાઈઝીંગ કરવામા આવેલ છે.

ઉપરોકત કામગીરી જાહેરાત સલામતી ને ધ્યાને લઈ કરવામા આવેલ છે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર...

સમાચાર યાદી નંબર......૨૫૬..............તા.૦૧/૦૭/૨૦૨૦

## :: પ્રેસનોટ :: (COVID-19)

ભારત સરકારના આયુષ મંત્રાલયની ગાઈડલાઈન મુજબ તા.૦૨/૦૭/૨૦૨૦ના રોજ સુરત મહાનગરપાલિકા અને સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત અંદાજીત ૬,૨૪,૫૦૬ ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ છે. અત્યાર સુધી અંદાજીત ૨૮,૫૫,૪૧૩ ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ છે. આવતીકાલ તા.૦૩/૦૭/૨૦૨૦ના રોજ સવારે ૬.૦૦ થી ૮.૦૦ કલાક દરમ્યાન ઉકાળો નીચેના સ્થળેથી સોસાયટી/ મહોલ્લા/ શેરી વિગેરેના પ્રતિનિધિએ પોતાના વાસણમાં મેળવી લેવાનો રહેશે. જે તે સ્થળે સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવાનું રહેશે.

**તા.૦૩/૦૭/૨૦૨૦ના રોજ સોસાયટી/ સંસ્થાઓ દ્વારા ઉકાળા મેળવવા માટેના સ્થળોની યાદી**

| ક્રમ | ઝોન | ઉકાળા મેળવવા માટેના લોકેશન | સરનામું |
|---|---|---|---|
| 1 | રાંદેર | સ્કુલ ચિલ્ડ્રન હોલ | ગંગેશ્વર મંદિરની સામે, અડાજણ, સુરત |
| | | સીનીયર સીટીઝન હોલ | ઈશિતા પાર્ક, સંઘવી ટાવરની પાછળ, અડાજણ રોડ, સુરત. |
| | | જહાંગીપુરા કોમ્યુનિટી હોલ | ડભોલી બ્રીજ પાસે, મેઈન રોડ, જહાંગીરપુરા, સુરત. |
| 2 | અઠવા | મહેશ્વરી ભવન | સાયન્સ સેન્ટરની બાજુમાં, સીટીલાઈટ,સુરત. |
| 3 | કતારગામ | પાટીદાર સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ | અંકુર હાઈસ્કુલ સામે, આંબા તલાવડી , કતારગામ |
| 4 | સેન્ટ્રલ | રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલ, | ૨/૫૮૯, આશાપુરી માતાનો ટેકરો, રૂસ્તમપુરા, સુરત. |
| 5 | ઉધના | હરિનગર–૩ કોમ્યુનિટી હોલ | શકિત ઈન્ડસ્ટ્રીઝની પાછળ, હરિનગર–૩, ઉધના |
| | | ખરવરનગર વાહન ડેપો | ખરવરનગર, સુરત |
| | | ભેસ્તાન વોર્ડ ઓફીસ | ભેસ્તાન ચાર રસ્તા,ભેસ્તાન, સુરત |
| | | પાંડેસરા કોમ્યુનિટી હોલ | પાંડેસરા હાઉસીંગ બોર્ડ, પાણીની ટાંકી પાસે, પાંડેસરા, સુરત. |
| 6 | લિંબાયત | લિંબાયત ઝોન ઓફીસ | કુંભાલ ફાયર સ્ટેશન પાસે, વાટીકા ટાઉન શીપ, સુરત.. |
| 7 | વરાછા-એ | સૌરાષ્ટ પટેલ સમાજની વાડી, | મીની બજાર, મોટા વરાછા સુરત. |
| | | સૌરાષ્ટ પટેલ સમાજની વાડી, | પુણા ગામ, સુરત. |
| 8 | વરાછા-બી | સૂર્ય કિરણની વાડી, | નાના વરાછા સુરત. |
| | | ખોડીયાર કૃપા સોસાયટી | મોટા વરાછા, સુરત |

**સમાચારયાદી નં.૨૫૭, તા.૦૨/૦૭/૨૦૨૦, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.**

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID 19) 02-07-2020

શહેરીજનોને જણાવવામાં આવે છે કે સુરત મહાનગરપાલિકા ધ્વારા **APMC** માર્કેટ બંધ કરાવવામાં આવેલ નથી તથા આગામી સપ્તાહમાં પણ બંધ કરાવવાનો કોઈ નિર્ણય લેવામાં આવેલ નથી. જેથી ખોટી અફવાઓથી ગભરાશો નહી.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં.૨૫૮
તા.૦૨/૦૭/૨૦૨૦

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ (COVID-19)

### તા.૦૨/૦૭/૨૦૨૦

સુરત શહેરમાં આજ રોજ નવા **૧૯૧** કેસો નોંધાયા છે. આજના આ **૧૯૧** કેસો સાથે કુલ કેસોની સંખ્યા **૫૦૮૪** થયા છે.

આજ રોજ કતારગામ ઝોનમાં રહેતા ડાયાબીટીસની બિમારીથી પીડીત ૫૩ વર્ષના પુરૂષનું અને વરાછા–બી ઝોનમાં પૂણા ગામ ખાતે રહેતા ડાયાબીટીસની બિમારીથી પીડીત ૬૧ વર્ષના પુરૂષનું સિવિલ હોસ્પિટલ ખાતે તથા ઉધના ઝોનમાં ઉન ખાતે રહેતા બ્લડ પ્રેશર અને ડાયાબીટીસની બિમારીથી પીડીત ૭૨ વર્ષના પુરૂષનું મિશન હોસ્પિટલ ખાતે સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ છે.

ગઈકાલ સુધી ૩૦૮૨ કેસોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. આજ રોજ કુલ ૧૩૩ વ્યકિતઓને ડિસ્ચાર્જ કરવામાં આવેલ છે. આજ સુધી ૩૨૧૫ વ્યકિતઓ ડિસ્ચાર્જ થયેલ છે. અલગ અલગ ઝોન વાઈઝ કવોરન્ટાઈન સેન્ટર ઉપર ૩૪ વ્યકિતઓ કવોરન્ટાઈન હેઠળ છે અને હોમ કવોરન્ટાઈન અંતર્ગત ૧૨,૨૫૧ લોકો છે. કુલ કવોરન્ટાઈન હેઠળ ૧૨,૨૮૫ વ્યકિતઓ છે.

આજ રોજ કુલ **૧૯૧** પોઝીટીવ કેસો નોંધાયા છે. જેમાં કતારગામ ઝોનમાં સૌથી વધારે **૪૭** કેસો મળી કુલ **૧૩૩૫** કેસો થાય છે. લિંબાયતમાં **૧૩** કેસો મળી કુલ **૧૦૧૪** કેસો થાય છે. સેન્ટ્રલ ઝોનમાં **૧૯** કેસો મળી કુલ **૬૧૫** કેસો થાય છે. વરાછા–એ ઝોનમાં **૪૧** કેસો મળીને કુલ **૬૨૩** કેસો થાય છે. વરાછા–બી ઝોનમાં **૨૪** કેસો મળી કુલ **૩૭૩** કેસો થાય છે. રાંદેર ઝોનમાં **૧૯** કેસ મળી કુલ **૩૯૧** કેસો છે અને ઉધના ઝોનમાં **૧૧** કેસો મળી કુલ **૪૩૩** કેસો થાય છે. અઠવા ઝોનમાં આજે **૧૭** કેસ મળી કુલ **૩૦૦** કેસો થયા છે. આજ દિન સુધી કુલ **૫૦૮૪** પોઝીટીવ કેસો નોંધાયેલ છે.

હાલમાં એકિટવ સર્વેલન્સ દરમ્યાન ૧૮૩૫ ટીમો દ્વારા ૯,૯૪,૨૮૦ વ્યકિતઓને તપાસ કરવામાં આવેલ છે.

આજ રોજ વિવિધ સંસ્થાઓને રૂા.૮૮,૬૫૦/–નો દંડ કરવામાં આવ્યો છે. જેમાં આજ રોજ ૪૫ શાકભાજી દુકાન/લારી અને ૩૧૦ પાથરણા બંધ કરવામાં આવ્યા છે.

APX સર્વે કરવામાં આવ્યો છે જેમાં કુલ ૩,૩૧,૯૦૫ ઘરોનું સર્વે અને કુલ ૯,૯૪,૨૮૦ શહેરીજનોનું સર્વે કરવામાં આવ્યું છે.

આજ રોજ ૨૪,૫૨૪ ઘરોમાં કુલ ૧,૦૯,૫૭૭ શહેરીજનોને હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવેલ છે.

આજ રોજ શહેરમાં અન્ય રાજયોમાંથી આવનાર લોકોમાં ટ્રેન માર્ગે ૧,૨૧૭ વ્યકિતઓ આવેલ છે.

ભારત સરકારના આયુષ્ય મંત્રાલયની ગાઈડલાઈન મુજબ આજરોજ સુરત મહાનગરપાલિકા અને સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત અંદાજીત ૬,૨૪,૫૦૬ વ્યકિતઓને ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ છે અત્યાર સુધી અંદાજીત ૨૮,૫૫,૪૧૩ વ્યકિતઓને ઉકાળાનું વિતરણ કરવામાં આવેલ છે.

આજ રોજ શહેરમાં ફાયર વિભાગ દ્વારા ૩,૩૪૦ સ્થળો ઉપર ડિસઈન્ફેકશન અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે. આજ દિન સુધી કુલ ૪,૬૭,૨૬૫ સ્થળોમાં ડિસઈન્ફેકશન અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે.

કમ્યુનિટી મોનીટરિંગ માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૮૦૦ ૧૨૩ ૮૦૦૦ ઉપર સંપર્ક કરવો.

જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર, સમાચાર યાદી નં.૨૫૯ તા.૦૨/૦૭/૨૦૨૦

## –:: પ્રેસનોટ ::–

- તા.૦૧/૦૭/૨૦ ના રોજ બપોરે ૦૧:૧૦ PM કલાકે ગાય પગલા તાપી કિનારે એક વ્યકિત ડૂબી જવાનો કોલ ફાયર બ્રિગેડ મળતા નજીકના ERC કામરેજ ફાયર સ્ટેશનના અધિકારી ક્રુ સહિત રવાના થયેલ અને ડૂબી જનાર વ્યકિત હરિશભાઈ લાલજીભાઈ દેસાઈ ઉ.વ.આ.૨૪ વર્ષ , રહે. એસ.આર.પી. કેમ્પ, વાવ,કામરેજ ની બોડી સતત બે કલાકની મહેનત બાદ શોધીને બહાર કાઢી કામરેજ પોલીસને કબ્જો આપેલ અને કામગીરી પૂર્ણ કરી ૦૩:૫૬ PM કલાકે પરત થયેલ.

  તા.૦૧/૦૭/૨૦ ના રોજ બપોરે ૦૩:૩૩ PM કલાકે હીરાબાગ, ભકિત નગરની પાછળ,તાપી નદીમાં એક વ્યકિત ડૂબી જવાનો કોલ ફાયર બ્રિગેડ મળતા નજીકના કાપોદ્રા ફાયર સ્ટેશનના અધિકારી ક્રુ સહિત રવાના થયેલ અને ડૂબી જનાર વ્યકિત કૃણાલ રાજેશભાઈ પરમાર ઉ.વ.આ.૧૨ વર્ષ , રહે. ૩૬૩, ઈન્દિરાનગર,હીરાબાગની બોડી સતત એક કલાકની મહેનત બાદ શોધીને બહાર કાઢી કાપોદ્રા પોલીસને કબ્જો આપેલ અને કામગીરી પૂર્ણ કરી ૦૪:૩૬ PM કલાકે પરત થયેલ.

તા.૦૨/૦૭/૨૦ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાક સુધીમાં ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ અને વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સમગ્ર સુરત શહેરમાં વિવિધ વિસ્તારમાં ડિસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ અને હાલમાં કામગીરી ચાલું છે.

મા.મ્યુ.કમિશ્નરશ્રીનાં મળેલ આદેશ અન્વયે હાલમાં સુરત શહેરમાં નોવેલ કોરોનાં વાયરસ (COVID-19) નાં કેસ સામે આવેલ હોય જેથી આવા સક્રમિત વ્યીકતઓ ધ્વારા અન્ય વ્યકિતઓમાં ચેપ ન ફેલાયતે અટકાવવા ફાયર વિભાગ તેમજ વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા નીચે મુજબનાં ઝોન વિસ્તારમાં ડીસઈન્ફેકશનની કામગીરી કરવામાં આવેલ.

- **અઠવાઝોન**

૧) રોયલ બંગલો ૨) આર્શીવાદ એપાર્ટમેન્ટ ૩) ત્રિમુર્તિ એપાર્ટમેન્ટ ૪) દેવ દર્શન એપાર્ટમેન્ટ ૫) શિખીન બીલોવ એપાર્ટમેન્ટ ૬) ઈડબલ્યુએસ આવાસ ચાઈના ગેટ–૨ ૭) જીવન સરીતા ૮) ટ્રેનિંગ સ્ટાર હોસ્પિટલ ૯) સીવીલ હોસ્પિટલ કેમ્પસ ૧૦) સુમન સાગર ૧૧) આકૃતિ બંગલોઝ ૧૨) સારૂ નગર ૧૩) કૃષ્ણ ધામ ૧૪) જરીવાલા બંગલોઝ ૧૫) ઈન્દ્રલોક કોમ્પ્લેક્ષ ૧૬) પીનટ એપાર્ટમેન્ટ ૧૭) સંજય સોસાયટી ૧૮) સિધ્ધચક્ર એપાર્ટમેન્ટ ૧૯) દેવશ્રી બંગલોઝ ૨૦) અભિષેક પાર્ક ૨૧) ગર્વમેન્ટ ક્વાર્ટસ ૨૨) મલ્હાર એપાર્ટમેન્ટ ૨૩) ઉમરા નગર ૨૪) જનતા નગર ૨૫) જીવકોર નગર ૨૬) આગમ એપાર્ટમેન્ટ

- **સેન્ટ્રલ ઝોન**

૧) રૂદરપુરા ૨) કુંભારવાડ ૩) દરજીશેરી ૪) પરભિયા મહોલ્લો ૫) મહાદેવની શેરી ૬) ખરાદી શેરી ઝાંપા બજાર ૭)ઈન્દ્રપુરા, સલાબતપુરા ૮) સગરામપુરા, ભંડારીવાડ ૯) સગરામપુરા મેઈન રોડ ૧૦) જે.એમ.કોમ્પ્લેક્ષ ૧૧) બાલાભાઈની શેરી ૧૨) સુપી શેરી ૧૩) હુસૈની એપાર્ટમેન્ટ ૧૪) દિપ્તી નગર ૧૫) ડનીયલ અઠપાર્ટમેન્ટ ૧૬) મેઘ પેલેસ ૧૭) મુળ શંકરની શેરી ૧૮) અથવા પોલીસ સ્ટેશન ૧૯) ગોપીપુરા પત્રાની ચાલ ૨) ચોક બજાર બોખ્વા ચકલા

- **રાંદેરઝોન**

૧) ભગવાન નગર ૨) આહુરા નગર ૩) વિશાલ નગર ૪) દરગાહ કંપાઉન્ડ ૫) શિવ કેમ્પસ ૬) પાર્કવ્યુ એપાર્ટમેન્ટ ૭) સુમન છાયા એપાર્ટમેન્ટ ૮) કુશલ વાટીકા ૯) વૈષ્ણવદેવી લાઈફ સ્ટાઈલ ૧૦) ઓર્ચીડ ગ્રીન્સ ૧૧) શાંતિકુંજ સોસાયટી ૧૨) પંચામૃત કેમ્પસ ૧૩) અષ્ટ વિનાયક રો હાઉસ ૧૪) મેઘ મયુર મલ્હાર ૧૫) ન્યુઝ એવન્યુ એપાર્ટમેન્ટ ૧૬) સિધ્ધી રો હાઉસ ૧૭) શાંતિવિલા રો હાઉસ ૧૮) પન્ના ટાવર ૧૯) સન સીટી કો.ઓ.હા.સોસાયટી

- **કતારગામ ઝોન**

૧) પંચદેવ સોસાયટી ૨) મોહનદીપ સોસાયટી ૩) શાંતિ નગર ઘર નં. ૮૧,૮૨ ૪) રોમેલ એપાર્ટમેન્ટ ૫) સૂર્યદર્શન એપાર્ટમેન્ટ ૬) અશોક નગર ૭) શાંતિ નગર ઘર નં. ૩૨ ૮) દાનવ આશિષ સોસાયટી ૯) રંગ દર્શન સોસાયટી ઘર નં. ૪૨,૨૪,૨૫ ૧૦) દાંજી સોસાયટી ૧૧) અંબિકા સોસાયટી ઘર નં. ૨૧૨,૧૧૩ ૧૨) હરસ કૃષ્ણ સોસાયટી ૧૩) મકબરા કબ્રસ્તાન ૧૪) સહજ રેસીડેન્સી ૧૫) શુકન એપાર્ટમેન્ટ ૧૬) શ્યામ દર્શન સોસાયટી ૧૭) તૃપ્તિ સોસાયટી ૧૮) યમુના પાર્ક સોસાયટી ૧૯) બાલાજી નગર ૨૦) બાલાજી નગર વિભાગ–૨ ઘર નં.જે૧૮ ૨૧) જીગર પાર્ક નાની વેડ ૨૨) ગોપીનાથ બંગલોઝ ૨૩) સિધ્ધેશ્વરી સોસાયટી ૨૪) અશ્વિનીકુમાર સ્મશાનભુમિ

૨૫) રૂક્ષ્મણી સોસાયટી ૨૬) નંદનવન સોસાયટી ૨૭) સંતોષીકૃપા સોસાયટી ૨૮) ગીતા નગર ૨૯) તૃપ્તિ નગર સોસાયટી ઘર નં.૧૯ ૩૦) તૃપ્તિ ફ્લેટ ઘર નં.૩૧૦ ૩૧) મગન નગર સોસાયટી ૩૨) ભરીમાતા ફુલવાડી ૩૩) રીવર વ્યુ ૩૪) કૃષ્ણ નગર ૩૫) શ્રીનાથ દ્વાર સોસાયટી ૩૬) પ્રમુખ રેસીડેન્સી ૩૭) શુકન રીવેરા,કોઝવે રોડ ૩૮) પંચવતી સોસાયટી ૩૯) હરિદર્શન સોસાયટી ૪૦) સુમનકુંજ સોસાયટી ૪૧) યમુના પાર્ક ૪૨) અખંડ આનંદ સોસાયટી ૪૩) સુમન શ્રેષ્ટ ૪૪) રાધા સ્વામી સોસાયટી

- **લીમ્બાયત ઝોન**

૧) સુવિધા નગર ૨) પુષ્પા નગર ૨) સાંઈ દર્શન સોસાયટી ૩) નંદનવન સોસાયટી ૪) મહારાણા પ્રતાપ સોસાયટી ૫) ભક્તિ નગર ૬) શક્તિ નગર ૭) સુમન સિધ્ધી આવાસ ૮) રણછોડ નગર ૯) એપીએમસી સરદાર માર્કેટ ૧૦) રામેશ્વર નગર ૧૧) મોરીયા નગર ૧૨) શિવ ટાઉનશીપ ૧૩) નસરવાન્જી પાર્ક ૧૪) મહારાણાપ્રતાપ ચોક થી સુમન શ્રુતિ એપાર્ટમેન્ટ ૧૫) મહાદેવ નગર

- **વરાછા ઝોન–એ**

૧) સાગર સોસાયટી ૨) સંતલાલ સોસાયટી ૩) સૂર્ય નગર સોસાયટી ૪) ઈન્દિરા નગર ૫) ગોલ્ડન પ્લાઝા ૬) સુમંગલ મંગળ એપાર્ટમેન્ટ ૭) શિવ નગર સોસાયટી ૮) હેમકુંજ સોસાયટી ૯) લક્ષ્મીનગર સોસાયટી ૧૦) વર્ષા સોસાયટી ૧૧) હરિધામ સોસાયટી ૧૨) સરદાર પેલેસ પાર્ક સોસાયટી ૧૩) સ્મીમેર કેમ્પસ

- **વરાછા ઝોન–બી**

૧) શક્તિ વિજય સોસાયટી ૨) શુભલક્ષ્મી સોસાયટી ૩) યોગીરાજ સોસાયટી ૪) નાના વરાછા કો.ઓ.હા.સોસાયટી ૫) જલારામ સોસાયટી ૬) શ્યામધામ સોસાયટી ૬) સુરભી સોસાયટી ૭) યોગેશ્વર સોસાયટી ૮) દાન સોસાયટી મેઈન રોડ ૯) ઈડબલ્યુ એસ આવાસ, ફુલપાડા ૧૦) અંકુર સોસાયટી ૧૧) વિહળનગર

- **ઉધનાઝોન**

૧) સ્વામીનારાયણનગર ૨) શ્રી રામનાગર ૩) રામનગર ૪) કાશી નગર ૫) કલ્યાણ કુટીર ૫) રમણ નગર ૬) શક્તિ નગર ૭) રામેશ્વરમ હીલ્સ ૮) ગાંધીકુટીર ૯) કર્મયોગી સોસાયટી ૧૦) ગીતા નગર ૧૧) રામી પાર્ક સોસાયટી ૧૨) માધવ આવાસ ૧૩) સાંઈ પેલેસ ૧૪) સરસ્વતી આવાસ ૧૫) ભેસ્તાન આવાસ એચ–૧૫ ૧૬) તીરૂપતી નગર ૧૭) અમન હોસ્પિટલ ૧૮) સાનીયા એચ,ઉન ૧૯) હયાત નગર ૨૦) હલીમાં રેસીડેન્સી ૨૧) આશીર્વાદ નગર

- **સેમ્પલ કલેકશન સેન્ટર**

(૧) પનાસ હેલ્થ સેન્ટર, (૨) ડી.કે.એમ. હેલ્થ સેન્ટર,(૩) પાલ હેલ્થ સેન્ટર, (૪) રાંદેર હેલ્થ સેન્ટર (૫) કતારગામ હેલ્થ સેન્ટર, (૬) મગોબ હેલ્થ સેન્ટર, (૭) બમરોલી હેલ્થ સેન્ટર, (૮) ભાઠેના હેલ્થ સેન્ટર ૯) નાના વરાછા અર્બન હેલ્થ સેન્ટર અને તમામ ક્વોરન્ટાઈન કરેલ એરીયામાં સેનેટાઈઝીંગ કરવામા આવેલ છે.

ઉપરોક્ત કામગીરી જાહેરાત સલામતી ને ધ્યાને લઈ કરવામા આવેલ છે.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગર પાલિકા તરફથી સાદર...
સમાચાર યાદી નંબર.........૨૬૦.........તા.૦૨/૦૭/૨૦૨૦